સંદેશ. પાના નંબર :- ૦૨.
તારીખ :- ૧૧/૦૬/૨૦૨૬.

## પાંચ વર્ષમાં પ્રોજેક્ટ પૂર્ણ થશે, મેટ્રો નેટવર્કની કુલ લંબાઈ ૭૭.૬૩ કિલોમીટર સુધી પહોંચશે

# ૬ કિમીના નવા ફેઝને મંજૂરી, કોટેશ્વર રોડથી એરપોર્ટ વચ્ચે મેટ્રો દોડશે

**અમદાવાદ મેટ્રોને એરપોર્ટ સુધી પહોંચાડતી ૨,૧૬૯ કરોડની મેટ્રો લાઇન જાહેર પરિવહનને વેગ આપશે**

**આશ્રમ રોડ, કોટેશ્વર પ્રાચીન મંદિર, સાબરમતી નદી, સરદારનગર અને એરપોર્ટ સ્ટેશન અંડરગ્રાઉન્ડ હશે**

। અમદાવાદ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રિમંડળની બેઠકમાં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના 'ફેઝ-૨A કોટેશ્વર માર્ગ-એરપોર્ટ કોરિડોર'ને મંજૂરી આપવામાં આવી છે. અંદાજે રૂ. ૨,૧૬૯.૦૪ કરોડના ખર્ચે સાકાર થનારી આ મહત્વાકાંક્ષી યોજના હેઠળ એરપોર્ટને સીધી મેટ્રો કનેક્ટિવિટી મળશે. જેના કારણે અમદાવાદના જાહેર પરિવહન ક્ષેત્રમાં એક નવું અધ્યાય શરૂ થશે. સમગ્ર પ્રોજેક્ટ આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરાશે. નવી મેટ્રો લાઈનની કુલ લંબાઈ ૬.૦૩૨ કિલોમીટર હશે અને તેમાં ૫ સ્ટેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આશ્રમ રોડ, કોટેશ્વર પ્રાચીન મંદિર, સાબરમતી નદી, સરદારનગર એલિવિટેડ અને એરપોર્ટ સ્ટેશનો અંડર ગ્રાઉન્ડ હશે. જેમાં ચાર એલિવેટેડ અને એક અંડરગ્રાઉન્ડ સ્ટેશન રહેશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં અમદાવાદ-ગાંધીનગર મેટ્રો નેટવર્કની કુલ લંબાઈ ૭૭.૬૩ કિલોમીટર સુધી પહોંચી જશે. મેટ્રોનો નવો કોરિડોર અમદાવાદ એરપોર્ટને શહેરના મુખ્ય રહેણાંક અને વ્યાપારી વિસ્તારો સાથે સીધો જોડશે. હાલ જ્યાં કાર્યક્ષમ જાહેર પરિવહનની મર્યાદિત સુવિધા છે તેવા વિસ્તારોને પણ મેટ્રો નેટવર્ક સાથે જોડાણ મળશે. પરિણામે મુસાફરોને એરપોર્ટ સુધી ઝડપી, આરામદાયક અને ટ્રાફિકમુક્ત મુસાફરીનો લાભ મળશે.




### રમતગમત સુવિધાઓને પણ વધુ સારી કનેક્ટિવિટી પૂરી પાડશે

આ કોરિડોર વર્ષ ૨૦૨૯ વર્લ્ડ પોલીસ ગેમ્સ અને વર્ષ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને રમતગમત સુવિધાઓને પણ વધુ સારી કનેક્ટિવિટી પૂરી પાડશે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨A માત્ર પરિવહન પ્રોજેક્ટ નહીં, પરંતુ આધુનિક, હરિત અને સુવ્યવસ્થિત વિકાસ તરફનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### અમદાવાદ મેટ્રો ફેઝ-૨Aથી શું ફાયદો થશે ?

- એરપોર્ટ સુધી સીધી મેટ્રો સેવા
- ટ્રાફિકમાં ટ્રાફિક ઘટશે, ખાનગી કાર અને ટેક્સી પરની નિર્ભરતા ઓછી થશે
- મુસાફરીના સમયમાં બચત
- શહેરના ઉત્તર અને પશ્ચિમ વિસ્તારોમાંથી એરપોર્ટ સુધી પહોંચવું સરળ બનશે
- પીક અવર્સ દરમિયાન પણ નિશ્ચિત સમયમાં એરપોર્ટ પહોંચી શકાશે
- ખાનગી વાહનો ઓછા થતાં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે
- નવા મેટ્રો સ્ટેશન વિસ્તારોમાં મિલકતોના ભાવ વધશે
- હોટેલ, રેસ્ટોરન્ટ, ઓફિસ અને કોમર્શિયલ પ્રવૃત્તિઓમાં વધારો થશે
- બાંધકામ દરમિયાન આશરે ૨,૦૦૦ લોકોને રોજગારી મળશે
- ઓપરેશન અને જાળવણી માટે ૫૦૦ જેટલી કાયમી નોકરીઓ ઊભી થશે
- અમદાવાદ-ગાંધીનગર મેટ્રો નેટવર્ક મજબૂત બનશે
- મેટ્રો નેટવર્ક ૭૭.૬૩ કિલોમીટર સુધી વિસ્તરશે
- શહેરના વધુ વિસ્તારો મેટ્રો સાથે જોડાશે
- પ્રવાસનને પ્રોત્સાહન, શહેરની વૈશ્વિક છબી વધુ મજબૂત બનશે